# કૃષિ મહવિદ્યાલય, આકૃયુ, વસો ખાતે વિદ્યાર્થીનીઓને સેલ્ફ ડિફેન્સ અંગેની તાલીમ અપાઇ

---

કૃષિ મહવિદ્યાલય- વ- કૃષિ પોલિટેકનિક, આકૃયુ, વસો અને પ્રતિભા એકેડમી, વલ્લભ-વિધાનગરના સંયુક્ત ઉપક્રમે તા.૧૫/૦૫/૨૦૨૨ ના રોજ વસો ખાતે વિદ્યાર્થીનીઓ માટે સેલ્ફ ડિફેન્સ અંગેની તાલીમનું આયોજન માન. કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ આચાર્યશ્રી, કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, વસો ડૉ. વી. પી. રામાણી દ્વારા કરવામાં આવેલ હતું. આ તાલીમ કાર્યક્રમમાં પ્રતિભા એકેડમી, વલ્લભ-વિધાનગરના ડાયરેક્ટર, શ્રી ચેતન કુમાકિયા અને કમલેશભાઈ દ્વારા કુલ ૭૫ વિધાર્થીનીઓને આજના ડીજીટલ યુગમાં બનતી કેટલીક અનિચ્છનીય અને આકસ્મિક ઘટનાઓ સામે સ્વરક્ષણ કરી શકાય તે હેતુથી પ્રાયોગિક તાલીમ અને જીણવટ પૂર્વક માર્ગદર્શન આપેલ. આ તાલીમ કાર્યક્રમમાં બે ગૃપમાં જૂનિયર અને સિનિયર વિધાર્થીનીઓને આત્મ રક્ષણની પ્રાથમિક ટેકનિક અને વિવિધ રક્ષણાત્મક માટેની રીતોની તાલીમ અને માર્ગદર્શન આપેલ.





